કેન્દ્રિય સાતમા પગારપંચની ભલામણો અન્વયે
પગાર બાંધણી નો વિકલ્પ આપવા બાબત:-
સ્પષ્ટતા બહાર પાડવા અંગે.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ.
પરિપત્ર ક્રમાંક:- પગર/૧૦૨૦૧૭/૧૦/પગાર એકમ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫/૦૬/૨૦૧૭

વંચાણમાં લીધા:-

(૧) નાણા વિભાગના તા.૧૬/૮/૧૬ ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-૨-પગાર એકમ.
(૨) નાણા વિભાગના તા.૧૯/૦૮/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક: (જીએન-૪૯) પગર-૧૦૨૦૧૬- ૨- પગાર એકમ
(૩) ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨
(૪) નાણા વિભાગના તા.૦૭/૧૨/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-૮-પગાર એકમ

રાજ્ય સરકાર દ્વારા સાતમા કેન્દ્રીય પગાર પંચ ની ભલામણોનો સ્વીકાર કરવાનો નિર્ણય ઉપર વંચાણે લીધેલ ક્રમાંક :૧ માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૬ ના ઠરાવથી કરેલ છે અને તે સંદર્ભે નાણા વિભાગના તા.૧૯/૦૮/૨૦૧૬ ના જાહેરનામાથી ગુજરાત રાજ્ય સેવા પગાર સુધારણા નિયમો-૨૦૧૬ બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા )નિયમો-૨૦૧૬ના અમલ સંદર્ભે કેટલાક વિભાગો/કચેરીઓ દ્વારા કર્મચારી તેમની બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજૂરીના કેસમાં તેના ઈજાફાની તારીખથી બઢતી નો વિકલ્પ આપી શકે કે કેમ ? તથા તે અન્વયે પગાર બાંધણી કેવી રીતે કરવી ? તે અંગે પૃચ્છા કરવામાં આવેલ છે.

રાજ્યના સરકારી કર્મચારીની સેવા વિષયક બાબતોનું સંચાલન મૂળભૂત રીતે ગુજરાત મુલ્કી સેવા નિયમો,૨૦૦૨ હેઠળ થાય છે. તે પૈકી પગારને લગતી બાબતો ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પગાર) નિયમો,૨૦૦૨ હેઠળ સંચાલન થાય છે. પરંતુ, જુદા જુદા પગાર પંચ ની ભલામણો સંદર્ભે વખતો-વખત બહાર પાડવામાં આવેલ પગાર સુધારણા નિયમોની જોગવાઈ સાથે અસંગત ન હોય તેવી ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ની જોગવાઈઓ અમલમાં રહે છે.

સાતમા પગાર પંચ ના અમલ સંદર્ભે તા.૦૧/૦૧/૨૦૧૬ કે ત્યારબાદ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજૂરીના કેસમાં આગામી ઈજાફા ની તારીખે પગાર બાંધણી માટે ના વિકલ્પ આપવા બાબતે નીચે જણાવ્યા મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

| ક્રમાંક | મુદ્દા | સ્પષ્ટતા |
|---|---|---|
| (૧) | ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ના અમલ બાદ ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૨ ની જોગવાઈ અનુસાર કર્મચારી તેની બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજૂરી ના કેસમાં તેના આગામી ઈજાફાની તારીખથી પગાર બાંધણીનો વિકલ્પ આપી શકે કે કેમ ? | ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ના અમલ બાદ(એટલે કે તા.૧૯/૦૮/૨૦૧૬ના નોટીફિકેશન અન્વયે સાતમા પગાર પંચમાં પે-ફિકશેશન થયા બાદ) પણ કર્મચારી ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૨ ની જોગવાઈ અનુસાર બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજૂરી ના કેસમાં કર્મચારી તેના આગામી ઈજાફાની તારીખથી પગાર બાંધણીનો વિકલ્પ આપી શકે છે. |
| (૨) | (૧) કર્મચારી દ્વારા બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ ની મંજૂરી ના કેસમાં કર્મચારી દ્વારા તેના આગામી ઈજાફાની તારીખ થી પગાર બાંધણી ના વિકલ્પ આપવામાં આવે તો તેની બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ ની તારીખે તેની પગાર બાંધણી કેવી રીતે કરવી ?<br>(૨) ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૧(૩) મુજબ હાલના પગાર ધોરણમાં મેળવતા પગાર પછીના તબક્કા જેટલો પગાર મંજૂર કરવો કે ગુજરાત રાજય સેવા પગાર સુધારણા નિયમો-૨૦૧૬ના નિયમ-૧૨(i) મુજબ હાલના લેવલમાં મેળવતા પગાર ને સમાન હોય તો તે અન્યથા ત્યારપછીના તબક્કા જેટલો પગાર બઢતી ના લેવલમાં નક્કી કરવો ? | ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ના નિયમ-૧૪ મુજબ આ નિયમો,નિયમ-૧૪માં દર્શાવેલ અન્ય નિયમો કરતા ચઢિયાતી અસર ધરાવે છે. તે ધ્યાને લેતાં ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ના નિયમ-૧૨(i) મુજબ પગાર બાંધણી કરવાની થશે. |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ,
નાણા વિભાગ.

નકલ રવાના:

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજ ભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય , ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે ખાતાના વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલ -૧ (ઓડિટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ,
- એકાઉન્ટન્ટ જનરલ -૨ (એ.એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ,
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/સર્વે જેલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
- પેન્શન ચુકવણા અધિકારી, અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર/વડોદરા.
- નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- રાજ્ય સરકારના સર્વે જાહેર સાહસો/બોર્ડ/નિગમ.
- નાણા વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ
- સર્વે માન્ય કર્મચારી મંડળો/મહામંડળો/મહાસંઘ/ફેડરેશન
- સામાન્ય વહીવટ વિભાગ (ક શાખા, કેબિનેટ યુનિટ), સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ, ગાંધીનગર વેબ સાઇટ પર મુકવા સારૂ.
- સિલેકટ ફાઇલ, પગાર એકમ, મ, ચ, પી, અને ઝ- શાખાઓ, નાણા વિભાગ
- પત્ર દ્વારા